# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

" સમૃધ્ધિ ", એનેક્ષી, ૪થો માળ, મકકાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

---

રેફ નં. તાઃ ૧૦/૧૨/૨૦૦૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી જનરલ )

---

## ચેમ્બરમાં' પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ' અંતર્ગત યુવાનોને સ્વરોજગારી માટે વિશેષ લાભની માહિતી આપતો કાર્યક્રમ યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમબર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ખાદી એન્ડ વિલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશન,અમદાવાદના સંયુકત ઉપક્રમે'પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ' અંગે વિશાળ જનજાગૃતિ માટે એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીક સુરત જિલ્લા વિકાસ અધિકારીશ્રી જે.બી.વોરા ખાસ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમના આરંભે ચેમ્બર પ્રમુખશ્રી નિલેશ વી.માંડલેવાળાએ આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરી પોતાના સ્વાગત પ્રવચનમાં કહયું હતું કે, આપણે સૌ જાણીએ છીએ કે આજે ભારત વિશ્વમાં ટ્રેઈન મેન પાવરમાં સૌથી મોખરા પર છે અને આવનાર સમયમાં તે સંખ્યામાં વધારો થનાર છે. આપણું યુવાધન કોઈપણ રીતે કોઈપણ દેશના યુવાધનથી નબળુ ઉતરે તેમ નથી અને તેને રોજગાર મેળવવાનો સંપુર્ણ અધિકાર છે.

વૈશ્વિક મંદી અને આર્થિક પરીબળ અનેકવાર મુશ્કેલ પરિસ્થિતી ઉભી કરે છે અને તેથી જોઈતા પ્રમાણમાં નોકરીઓ મળતી નથી. આજે ઓછા પ્રમાણમાં મળતી નોકરીઓની સામે અનેક ઘણી વધારે અરજીઓ હોય છે અને તે સ્પર્ધામાં મહદઅંશે વિદ્યાર્થી મિત્રોને રોજગાર મળતો નથી તેથી તે હતાશ થઈ જતા હોય છે અને ખૂબજ દુભાયેલી લાગણીઓનો અનુભવ કરે છે.વડા પ્રધાન રોજગાર સૃજન યોજના, યુવકોને વ્યવસાય આપવા માટે એક આશિર્વાદ સ્વરૂપ છે. આના અંતર્ગત વિદ્યાર્થી મિત્રો

પોતાનો નાનો મોટો વ્યવસાય શરૂ કરી સ્વ–રોજગાર તો મેળવીજ શકે છે પરંતુ એટલુજ નહી પણ બીજા શિક્ષિત–અલ્પશિક્ષિત મિત્રોને રોજગાર આપી પણ શકે છે.

પ્રાપ્ત થયેલા આંકડાઓ મુજબ આ સ્કિમ અંતર્ગત સમગ્ર ગુજરાતમાં ૪૪૦ જેટલા પ્રોજેકટ મંજુર કરવામાં આવ્યા છે, જેમાં ૪૦૩૧ કરોડ ની બેંક લોનનું વિતરણ કરવામાં આવ્યું છે અને આ સમગ્ર મદદ ધ્વારા લગભગ ૪૫૦૦ જેટલી સ્વ–રોજગારની તકો ઉભી કરવામાં આવી છે.આમ આપણે જોઈએ તો સ્વ–રોજગાર યોજનાનો ઉપયોગ અથવા મદદ લોકોએ પૂરતા પ્રમાણમાં લીધેલ નથી અને તેથી આ યોજનાની માહિતી આપવા માટે આ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે.

આ કાર્યક્રમના નિષ્ણાંત મિત્રો આપણને જે માહિતીઆપશે તેનાથી આપણે તેનો વિશેષ લાભ મેળવવાની કોશીષ કરીશુ. આ કાર્યક્રમ યુવકોની મદદ માટે એક સબળ કાર્યક્રમ છે. તેઓએ તેમની રોજગારીના આયોજનમાં સમાવી તેનો ઉપયોગ કરવો જોઈએ.તેમણે એમ પણ કહયું હતું કે,સરકારશ્રીની આ પ્રકારની યોજનાઓના પ્રચાર માટે અને જનજાગૃતિ અભિયાન માટે ચેમ્બર તમામ પ્રકારનો સહયોગ આપવા તૈયાર છે.

ખાદી એન્ડ વિલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશન,અમદાવાદના ડે.ડાયરેકટર શ્રી પી.એમ.કંથારિયાએ 'પ્રધાન મંત્રી રોજગાર સૃજન કાર્યક્રમ' વિષેનું માહિતિપ્રદ પ્રેઝન્ટેશન રજૂ કરીને યોજનાની વિસ્તૃત જાણકારી આપી હતી.રાજયમાં સુરત જિલ્લામાં આ યોજનાનો વધુ લાભ મળે એને માટે તેમણે વિશાળ જનજાગૃતિ જરૂરી હોવાનું પણ જણાવ્યું હતું. આ યોજના માટેની અરજીઓ મંજૂરી માટે ડિસ્ટ્રીકટ લેવલ ટાસ્કફોર્સ કમિટીની રચના કરવામાં આવી છે. આ યોજનાના લાભાર્થીઓને વિવિધ સબસીડીઓનો લાભ મળી શકે છે તેમજ રાષ્ટ્રિય કક્ષાએ યોજાતા એકિઝબિશનોમાં તેમના ઉત્પાદનો વેચવાની તક પણ મળે છે. આમ અનેક રીતે લાભદાયક આ યોજનાનો સર્વાધિક લાભ જરૂરતમંદો સુધી પહોંચાડવામાં સહકાર માટે તેમણે અપીલ પણ કરી હતી.

લીડ ડિસ્ટ્રીકટ મેનેજર બેંક ઓફ બરોડાનાશ્રી એન.ડી.વાણીએ કહયું હતું કે,આ યોજના અંતર્ગત માત્ર ધો. ૮ પાસ હોય એવા ૧૮ વર્ષથી વધુ વયના ઉમેદવારને મેન્યુફેકચરીંગ યુનિટ માટે વધુમાં વધુ રૂ.૨૫ લાખ અને સર્વિસ યુનિટ માટે વધુમાં વધુ રૂ.૧૦ લાખ સુધીની લોન મળી શકે છે.જેમાં ગ્રામીણ વિસ્તારોમાં ૨૫ થી ૩૫ ટકા સુધીની સબસીડી પણ મળી શકે છે. લાભાર્થીનું રોકાણ પ્રોજેકટ કોસ્ટના

૧૦ ટકા જનરલ કેટેગરીમાં અને ૫ ટકા સ્પે. કેટેગરીમાં રહેશે.આ યોજનામાં યોગ્ય લાભાર્થીને પ્રોજેકટ શરૂ થયા બાદ તરત જ સબસીડી મળી શકે એવી જોગવાઈ રાખવામાં આવી છે.આ યોજનામાં સંકળાયેલા બેંકર મિત્રોને તેમણે હકારાત્મક વલણ અપનાવી લાભાર્થીઓને સહકાર આપવા અપીલ કરી હતી.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર શ્રી.ડી.એમ.પરીખે કહયું હતું કે,આઝાદી મળ્યા બાદ પહેલા કૃષિના વિકાસ ઉપર ધ્યાન અપાયું હતું ત્યાર બાદ ઉદ્યોગોના વિકાસથી આર્થિક વિકાસ સાધવાનો અભિગમ આવ્યો. ગુજરાતમાં બેંકેબલ યોજનાને ૧૯૭૭માં મળેલી સફળતા બાદ હવે કેન્દ્ર સરકારે આ નવી યોજના આપી છે જે ખરેખર ખૂબ જ સારી છે. ખાદી બોર્ડ અને કમિશન ની સાથે આ યોજનામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને પણ સાંકળી લેવાયું છે.બેંકીંગ સંસ્થાઓ આ યોજનાને વધુ સફળ બનાવવામાં અને વધુ લોકો સુધી એનો લાભ પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

સેન્ટ્રલ બેંક,સુરતના શ્રીમતી ચેતનાબેન પટેલે કહયું હતું કે,નવા ઉદ્યોગ સાહસિકોને ક્રેડિટ ડિસિપ્લીન પણ શીખવાડવી જોઈએ તો જ બેંકોએ આપેલી લોન સમયસર ભરપાઈ થઈ શકે.

કાર્યક્રમના મુખ્ય મહેમાન સુરત જિલ્લાના ડી.ડી.ઓ. શ્રી જે.બી.વોરાએ કહયું હતું કે,આવી સારી યોજના હોવા છતાં સુરત જિલ્લામાં એનો લાભ ઓછો લેવાતો હોવા પાછળના કારણો શોધી એ દિશામાં બધાએ સહિયારા પ્રયાસો કરવાની જરૂર છે.યોજના વિષે લોકોને જાગૃત કરવાની જરૂર છે.માત્ર યોજના સારી છે એટલું સમજાવી દેવાથી નહીં ચાલે પરંતું યોજનાનો વાસ્તવિક લાભ પહોંચાડવો જરૂરી છે.એમાં સરકારી તંત્ર ઉપરાંત બેંકરમિત્રો અને બિન સરકારી સંસ્થાઓનો સહકાર પણ લેવાવો જોઈએ.તો જ ગુજરાત વધુ સમૃધ્ધ થઈ શકશે.

ચેમ્બરમાં આ યોજનાની જાણકારી માટે એક ઈન્ફોર્મેશન ડેસ્ક શરૂ કરવાનું સુચન કરી ચેમ્બર પ્રમુખશ્રી નિલેશ વી.માંડલેવાળાએ સહકારની ખાત્રી આપી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ તથા બેંકર મિત્રોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.

ચેમ્બરના ઉપપ્રમુખ ડો. અજોય ભટટાચાર્ય એ આભારવિધિ આટોપી હતી.